
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૭ | ૧૯ નવેમ્બર, ૨૦૧૯, મંગળવાર; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ

**પ્રથમ દિવસે જ હંગામો : લોકસભામાં ફારૂખ અબ્દુલ્લા સહિત કાશ્મીરી નેતાઓને મુક્ત કરોના સૂત્રો પોકારાયા : વિપક્ષનો 'વોકઆઉટ' : લોકસભા અને રાજ્યસભામાં જેટલી, સુષ્મા, જેઠમલાણીને શ્રદ્ધાંજલિ : દિલ્હી ભાજપના સાંસદ મનોજ તિવારી સાયકલ લઇ સંસદ ભવનમાં પહોંચ્યા : આજથી સંવેદનશીલ અને મહત્વપૂર્ણ મુદ્દાઓ છવાઈ જાય તેવી પ્રબળ શક્યતા**



નવીદિલ્હી, તા. ૧૮

અનેક પ્રકારની અપેક્ષાઓ, ઉત્સુકતા અને આશા વચ્ચે સંસદનુ શિયાળુ સત્ર આજે શરૂ થયુ હતુ. સત્રના પ્રથમ દિવસે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ પૂર્વ પ્રધાનો અને તાજેતરના સમયમાં અવસાન પામેલા અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ અને રામ જેઠમલાણીને શ્રદ્ધાંજલિ આપી હતી. બીજી બાજુ રાજ્યસભામાં કાર્યવાહી શરૂ થતાની સાથે જ જેટલી, સુષ્મા સ્વરાજ, સુખદેવ સિંહ રામ જેઠમલાણી, ગુદુદાસ ગુપ્તાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પ્રથમ દિવસે કેટલાક સાંસદો જુદા જુદા અંદાજમાં સંસદમાં પહોંચ્યા હતા જેના ભાગરુપે દિલ્હી ભાજપના સાંસદ મનોજ તિવારી સાયકલ લઈને સંસદ પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પ્રચંડ બહુમતિ સાથે બીજી વખત સત્તામાં આવ્યા બાદ આ બીજુ સંસદ સત્ર છે.

પ્રથમ સત્ર ખુબ જ ફળદાયી રહ્યું હતું જેમાં ત્રિપલ તલાક,

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભાએ જ દેશને વધુ દૂરદર્શી બનાવ્યો છે : મોદી

**રાજ્યસભા દેશને દિશા દર્શાવનાર સન તરીકે છે : સંસદનું ઉચ્ચ ગૃહ ભારતના બંધારણીય માળખાનો આત્મા છે : રાજ્યસભાએ સત્તાપક્ષને નિરંકુશ થતાં રોકવાનું કામ કર્યું છે : મોદી**

નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાજ્યસભામાં ઐતિહાસિક ૨૫૦માં સત્રને સંબોધન કર્યું હતું જે દરમિયાન મોદીએ સંસદના ઉચ્ચ ગૃહને ભારતના બંધારણીય માળખાના આત્મા તરીકે ગણાવીને પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતુંકે, લોકસભા જ્યાં જમીન સાથે જોડાયેલી છે ત્યારે રાજ્યસભા દૂર સુધી નિહાળી શકે છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નિવેદનને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, રાજ્યસભા સેકન્ડ હાઉસ છે. સેકન્ડરી નથી. ભારતના વિકાસ માટે તેને સપોર્ટિવ હાઉસ રહે તે જરૂરી છે. આ ગાળા દરમિયાન તેઓએ એનસીપી અને બીજુ જનતા દળની પ્રશંસા કરી હતી. તેમના સાંસદ ક્યારે પણ ગૃહની વચ્ચોવચ આવી જતાં નથી. તેમણે કહ્યું હતું કે, ગૃહની વચ્ચોવચ પહોંચ્યા વગર પણ દેશના લોકોના મન જીતી શકાય છે. મોદીએ એનસીપીની પ્રશંસા એવા સમયે કરી છે જ્યારે મહારાષ્ટ્રમાં



સરકાર રચવાને લઈને મડાગાંઠની સ્થિતિ છે. મોદીએ કહ્યું હતું કે, એનસીપી અને બીજેડી બંને પાસેથી ઘણુ શિખવા જેવું છે. ભાજપને પણ શિખવા જેવું છે. મોદીએ ભલે સંસદીય કામકાજને લઈને એનસીપીની પ્રશંસા કરી છે પરંતુ આને લઈને સસ્પેન્સની સ્થિતિ વધી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેરોજગારી ૪૫ વર્ષની ઉંચી સપાટીએ : મનોહનસિંહ

**વિકાસ દર છેલ્લા ૧૫ વર્ષની નીચી સપાટી પર : સ્થાનિક માંગ ચાર દશકના નીચા સ્તર પર પહોંચી ચુકી છે : મનમોહનસિંહ**

નવીદિલ્હી, તા. ૧૮

દેશના પૂર્વ વડાપ્રધાન અને ટોચના અર્થશાસ્ત્રી મનમોહનસિંહે આજે દેશની અર્થવ્યવસ્થાને લઈને ચિંતા વ્યક્ત કરીને કહ્યું હતું કે, વિકાસદર છેલ્લા ૧૫ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. બેરોજગારીનો દર ૪૫ વર્ષની ઉંચી સપાટી ઉપર છે. સ્થાનિક માંગ ચાર દશકની સૌથી નીચી સપાટીએ પહોંચી છે. બેંક ઉપર બેડ લોનનો બોજ સર્વકાલીન ઉચ્ચ સ્તર પર પહોંચી ચુક્યો છે. ઈલેક્ટ્રીસિટીની માંગ ૧૫ વર્ષની નિચલી સપાટી ઉપર પહોંચી ચુકી છે. એકંદરે અર્થવ્યવસ્થાની હાલત ખુબ ખરાબ બનેલી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પોતાના લેખમાં મનમોહનસિંહે આ મુજબની વાત કરી છે.

મનમોહનસિંહે એમ પણ કહ્યું છે કે, આ બાબતોને વિપક્ષના નેતા તરીકે તેઓ રજૂ કરી રહ્યા નથી. મનમોહનસિંહનું નિવેદન એવા સમયે આવ્યું છે જયારે દેશના નાણા રાજ્યમંત્રી અનુરાગ ઠાકુરે સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે કહ્યુ હતુ કે, દેશની આર્થિક સ્થિતિ સારી છે. જીડીપી ૭.૫ ટકાના દરેથી વિકાસ પામી રહી છે જે જી-૨૦ દેશોમાં સૌથી વધારે છે. મનમોહનસિંહે પોતાના લેખમાં સાફ-સાફ શબ્દોમાં લખ્યું છે કે, દેશની તમામ સંસ્થાઓ અને સરકાર પ્રત્યે લોકોનો વિશ્વાસ

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**મેઘાલયમાં ૧૧૭ વર્ષ જુના ચર્ચમાં આગ**

મેઘાલયમાં ૧૧૭ વર્ષ જુના ચર્ચમાં અચાનક જ આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડે સ્થળ પર પહોંચી જઈ આગ ઓલવી હતી. જો કે આ ઘટનામાં દંપત્તિનું મૃત્યુ નિપજ્યુ હોવાના અહેવાલ મળ્યા છે.

**અયોધ્યામાં શ્રીરામની સૌથી ઉંચી પ્રતિમા**

અયોધ્યા ચૂકાદો આવ્યા બાદ રામ મંદિર નિર્માણનું કામ શરૂ કરી દેવાયુ છે. અહી શ્રીરામની દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા બિરાજમાન કરાશે. રામ મંદિર નિર્માણ સાથે અહી એરપોર્ટ, અદ્યતન રેલવે સ્ટેશન, ફાઈવ સ્ટાર હોટલ, જળમાર્ગ વગેરેના નિર્માણની પણ તૈયારીઓ શરૂ થઈ છે.

**પાકે. શાહિન-૧ મિસાઈલનુ પરિક્ષણ કર્યુ**

ધ ન્યૂઝ ઈન્ટરનેશનલના રિપોર્ટ પ્રમાણે પાકિસ્તાને પરમાણુ હથિયારો લઈ જવામાં સક્ષમ શાહીન-૧ મિસાઈલનુ પરિક્ષણ કર્યુ છે. તેની મારક ક્ષમતા ૬૫૦ કિ.મી.ની છે. તેનુ પરિક્ષણ અરબી સમુદ્રમાં કરવામાં આવ્યુ હતુ.

**યુએઈ માટે વિઝા ઓન એરાઈવલ**

ભારત સરકારે યુનાઈટેડ આરબ અમિરાતના નાગરિકો માટે વિઝા ઓન એરાઈવલની સગવડતા જાહેર કરી છે. યુએઈના નાગરિકોમાં આ બાબતને લઈને આનંદની લાગણી છવાઈ ગઈ છે.

**પ્રિન્સ ચાર્લ્સે ભારતના બાળકો સાથે જન્મદિન ઉજવ્યો**


બ્રિટનના રાજવી ઘરાનાના પ્રિન્સ ચાર્લ્સ હાલમાં ભારતની મુલાકાતે છે. તેઓએ ૨૦ શાળાના બાળકો સાથે પોતાના જન્મદિનની ઉજવણી કરી હતી.

## જસ્ટિસ શરદ બોબડેના સીજેઆઈ પદે શપથ

**રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યા : બોબડે ૨૩ એપ્રિલ ૨૦૨૧ સુધી દેશના સીજેઆઈ તરીકે કાર્ય કરશે**

ન્યુ દિલ્હી,તા.૧૮

જસ્ટિસ શરદ અરવિંદ બોબડે (એસ. એ. બોબડે)એ ભારતના ૪૭માં ચીફ જસ્ટિસ તરીકે શપથ ગ્રહણ કરાવી છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જસ્ટિસ બોબડેને ભારતના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવી છે. ૧૭ નવેમ્બરના રોજ રિટાયર થયેલા પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ જ ચીફ જસ્ટિસ માટે જસ્ટિસ બોબડેનું નામ સૂચવ્યું હતું.



જસ્ટિસ બોબડે ચીફ જસ્ટિસ તરીકે ૧૮ મહિના સુધી કાર્યરત રહેશે. તેઓ ૨૩ એપ્રિલ ૨૦૨૧ના રોજ રિટાયર થશે. તાજેતરમાં જ આવેલા અયોધ્યાના રામજન્મભૂમી-બાબરી મસ્જિદ વિવાદ મામલાની સુનાવણી કરનારી ખંડપીઠમાં જસ્ટિસ બોબડેનો પણ સમાવેશ થયો હતો.

ભારતના ચીફ જસ્ટિસ એસ. એ. બોબડેની સામે એવા ઘણા મામલાઓ આવશે કે જેમાં તેમણે ચુકાદાઓ સંભળાવવાના થશે. તાજેતરમાં જ અયોધ્યા વિવાદ પર ચુકાદો સંભળાવવામાં આવ્યો છે પરંતુ તેના પર પુનર્વિચાર અરજી દાખલ કરવા અંગેનો નિર્ણય મુસ્લિમ સમાજે લીધો છે. બીજી તરફ સબરીમાલા વિવાદને હવે મોટી બેંચને સોંપવામાં આવ્યો છે એવામાં ચીફ જસ્ટિસ તરીકે બોબડે પણ આ બેંચમાં સામેલ થશે.

## પવાર-સોનિયા વચ્ચે બેઠક પરિણામ વિહોણી

**મહારાષ્ટ્રમાં સરકાર રચવા મુદ્દે ચર્ચા ન થઇ : કોંગ્રેસ તેમજ એનસીપીના મામલાઓને લઇને ચર્ચા થઇ હોવાનો દાવો કરાયો : મિટિંગનો દોર હજુ ચાલશે : પવાર**

નવીદિલ્હી, તા. ૧૮

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને ગુંચવણભરી સ્થિતિ યથાવતરીતે જારી રહી છે. સરકાર રચવાની કવાયત વચ્ચે આજે એનસીપીના નેતા શરદ પવાર અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી વચ્ચે બેઠક યોજાઈ હતી પરંતુ આ બેઠક કોઈપણ પરિણામ વગર પૂર્ણ થઈ હતી જેથી મડાગાંઠ અકબંધ રહી છે. બેઠકમાં સરકારની રચનાને લઈને કોઈ ચર્ચા પણ નહીં થઈ હોવાનું જાણવા મળ્યું છે. આવી સ્થિતિમાં આ મિટિંગ કેમ મળી તેને લઈને પણ સસ્પેન્સમાં વધારો થયો છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યસભામાં એનસીપીની પ્રશંસા કર્યા બાદ નવા સમીકરણો



પણ દેખાઈ રહ્યા છે. મહારાષ્ટ્રમાં હજુ સુધી સરકાર રચવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ ૨૦ દિવસનો ગાળો થઈ ગયો છે પરંતુ સરકાર રચાઈ રહી નથી પરંતુ શિવસેનાના નેતા સંજય રાવત દિલ્હીમાં શરદ પવારના આવાસ ઉપર મોડી સાંજે પહોંચ્યા હતા. સરકાર કોણ બનાવશે તેને લઈને રાજકીય પંડિતો પણ સસ્પેન્સની સ્થિતિમાં આવી ગયા છે. શિવસેના તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સોનિયા ગાંધી સાથે વાતચીત કર્યા બાદ શરદ પવારે કહ્યું હતું કે, સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ ઉપર પણ કોઈ ચર્ચા થઈ નથી. ૧૭૦ના આંકડાને લઈને તેમની પાસે કોઈપણ પ્રકારની માહિતી નથી. આ અંગેનો પ્રશ્ન શિવસેનાને કરવામાં આવી શકે છે. ૧૭૦ ધારાસભ્યોના ટેકાનો શિવસેનાએ દાવો કર્યા બાદ પવારે આજે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી.

## કેન્દ્ર સરકાર મિલકતને આધાર કાર્ડ સાથે જોડવાનું ફરજિયાત કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૮

રિયલ એસ્ટેટ સેક્ટરમાં આચરવામાં આવતી ગેરરીતિ રોકવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર એક મોટું પગલું ઉઠાવી શકે છે. સરકાર ટૂંક સમયમાં મિલકતને તેના માલિકના આધાર કાર્ડ સાથે જોડવાનું ફરજિયાત કરવાનો નિર્ણય લઈ શકે છે.

જો મિલકતને તેના માલિકના આધારકાર્ડ સાથે લિંક કરવું ફરજિયાત થઈ જાય છે તો તેનાથી માત્ર ગેરરીતિ રોકાશે એટલું જ નહી બલ્કે બેનામી સંપિત્તનો પણ ખુલાસો થઈ શકશે અને લોકોની એકથી વધુ સંપિત્તઓની પણ ઓળખ થઈ શકશે. સાથોસાથ સરકારને ટેક્સની આવક પણ વધશે. કર્ણાટકમાં આ નિયમ પહેલાંથી જ લાગુ છે. એવું પણ મનાય રહ્યું છે કે પ્રોપર્ટી સાથે જોડાયેલા મામલા રાજ્યોના અધિકાર ક્ષેત્રમાં છે એટલા માટે કેન્દ્ર સરકાર મોડલ બનાવીને રાજ્યોને આપશે. જો આ નવો કાયદો લાગુ થઈ જાય છે તો ગેરકાયદેસર કબજા કરીને જમીન પચાવી પાડનારા તત્ત્વોને પણ ડામી શકાશે. આ ઉપરાંત લોકોને લોન પણ સરળતાથી મળી રહેશે. મિલકતની માહિતી પારદર્શક બનશે અને છેતરપિંડી ઓછી થશે. ખાસ વાત એ છે કે આ પગલાંથી મિલકત સાથે જોડાયેલા કેસ પણ ઓછા થઈ જશે.

## બાંગ્લાદેશમાં ડુંગળી ૨૦૦ રૂ. કિલો

ઢાકા,તા.૧૮

દક્ષિણ એશિયાના દેશોમાં ડુંગળીના ભાવ સામાન્ય રીતે સંવેદનશીલ મુદ્દો હોય છે અને તે ઘણી વખત એવો તે રાજકીય મુદ્દો બની જાય છે કે શાસક પક્ષ માટે મોટો પડકાર બની જાય છે. તાજેતરમાં ભારત, પાકિસ્તાન અને હવે બાંગ્લાદેશમાં પણ ડુંગળીના ભાવોમાં અસહ્ય વધારો થયો છે. ભારતે ડુંગળીની આયાત પર પ્રતિબંધ મુકતા અને પોતાને ત્યાં ડુંગળીના ઓછા ઉત્પાદનની સ્થિતિ વચ્ચે પડોશી દેશ બાંગ્લાદેશમાં ડુંગળીના ભાવોમાં વિક્રમજનક ઉછાળો આવ્યો છે.

## જેએનયુના વિદ્યાર્થીઓની ફી વધારાના વિરોધમાં સંસદ માર્ગ તરફ કૂચથી ચક્કાજામ

**ચાર મેટ્રો સ્ટેશનના ગેટ બંધ કરવાની ફરજ પડી : કલમ ૧૪૪ને અમલી કરાઇ**

નવીદિલ્હી, ૧૮

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સંસદ માર્ચના લીધે પાટનગર દિલ્હીના અનેક વિસ્તારોમાં ચક્કાજામની સ્થિતિ સર્જાઈ ગઈ છે. વિદ્યાર્થીઓ અને પોલીસની માર્ગો ઉપર ભારે હાજરીના પરિણામ સ્વરુપે વાહન વ્યવહાર ખોરવાઈ ચુક્યો છે.



જેએનયુ વિદ્યાર્થીઓની માર્ચને રોકવામાં આવ્યા બાદ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ચાર મેટ્રો સ્ટેશનના ગેટ બંધ કરવામાં આવ્યા હતા. એટલે કે ટ્રેનોને રોકવામાં આવી ન હતી. દિલ્હી પોલીસની સલાહ પર દિલ્હી મેટ્રોને લોકકલ્યાણ માર્ગ સ્ટેશનને બંધ કરવાની સૂચના આપી હતી. હકીકતમાં આ રોડ ઉપર વડાપ્રધાનનું આવાસ રહેલું છે. જેએનયુમાં ફી વધારાના વિરોધમાં વિદ્યાર્થીઓને સંસદ માર્ગની તરફ આગેકૂચને લઈને મેટ્રોની યલો લાઈનોના ઉદ્યોગ ભવન, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય સ્ટેશનોને પણ સાવચેતીના પગલારુપે બંધ કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય સચિવાલય પર ઈન્ટરચેંજ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

